કલમ કડછી બરછી
શિક્ષણ સેવા સંરક્ષણ

૫૦
સુવર્ણ જયંતિ વર્ષ



તંત્રી :
વિરેન શાં. ધોળકિયા
લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
વર્ષ :
ઓગષ્ટ થી જુલાઈ

# શ્રાવણે શિવદર્શન

ભાલચંદ્ર ત્રિનેત્ર નીલકંઠ,
આભૂષણ, ભુજંગ, રુદ્રાક્ષને રુંઢમાળા,
ભસ્માંગે જહ્નાવી શિરે,
વાહન વૃષભ, ત્રિશુલ, ડમરું ધરે કરે,
કટીએ વાઘચર્મ, સંગાથમાં સતી વામે,
શોભતા શિવશકિત સ્વરૂપે,
બિરાજે સ્મશાને કાં કૈલાસે,
એવા દર્શનીય છે શિવજી,
મહીમા છે શ્રાવણે શિવભકિતનો..
શિવ સ્વભાવ છે કલ્યાણનો,
અવસર છે આ હર ભજન કરી શિવકૃપા પામવાનો,
જળાભિષેક બિલીપત્ર ને ધતુરાથી ને -
ધૂપ ચંદન ને ભાંગથી,
રીઝવતા ભકતો નટરાજને -
ઈતિ શ્રાવણે શિવ દર્શનમ્.



– પ્રિયવદન ક. દેસાઈ (અમદાવાદ)

વર્ષ : ૫૦ અંક : ૧૧
જૂલાઈ – ૨૦૧૪

બરછી કાર્યાલય, C/o. ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ બિલ્ડીંગ, રાજકોટ - ૧.
ફોન : ૦૨૮૧ - ૨૪૫૩૦૬૩ મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫ Email : barchhi@rediffmail.com Web : www.barchhi.com

# નાગર રત્ન સ્વ. શ્રી વિશ્વનાથ ડોલરરાય હાથી (પાલનપુર) ની ૧૧૧મી અને માતુશ્રી સ્વ. વિનયવતી વિશ્વનાથ હાથીની ૧૦૪મી જન્મ જયંતી નિમિતે સમસ્ત હાથી પરિવાર તરફથી પુષ્પાંજલિ

પિતાશ્રી જન્મ : ૨૭-૭-૧૯૦૪ માતુશ્રી જન્મ : જુલાઈ ૧૯૧૧

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા દ્રવિણંત્વમેવ, ત્વમેવ સર્વમ્ મમ દેવ દેવ
માતા-પિતાની જન્મ જયંતિ એક જ મહીનામાંઆવે એવો
સુભગ સંયોગ ભાગ્યેજ જોવા મળે માતા-પિતા માટે
લાગણીઓનો સ્ત્રોત વહેતો હોય ત્યારે
અંતરમાંથી અવાજ ઉદભવે કે :



પાંપણ ઝુકે ને તમને નમન થઈ જાય,
મસ્તક ઝુકે ને તમને વંદન થઈ જાય
એવી નજર કયાંથી લાવીએ કે,
યાદ કરીએ ને આપના દર્શન થઈ જાય

અજાત શત્રુ સ્વભાવ, મધુરવાણી, પરોપકારની ભાવના અને હૃદયના ઉલ્લાસનો શુભ સંગમ અમારા પિતાશ્રીના પડછંદ વ્યકિતત્વ અને મુકત હાસ્યને ગરિમા બક્ષતા હતા. ગભરાટ કે સંકોચ વિના સાવ સહજપણે મળી શકાય એવા એ દંભરહિત માનવી માટે એમ કહી શકાય કે...

ધર્મ એનો એજ હતો,માણસાઈના મઝહબનો માણસ હતો, એ કુટુંબનો હતો, મિત્રોનો હતો, સમાજનો હતો એ કોનો ન હતો ? એ એક અદનો પાલનપુરી હતો.

'મા' માટે તો જેટલા શબ્દો લખીએ એટલા ઓછા પડે...ઈશ્વર સદેહે બધે પહોંચી શકે એટલે જ એણે માનુંસર્જન કર્યુ છે. 'મા' નો મહિમા એટલે જેને લીધે અધિક ચિત્ત પ્રસન્ન થાય.

જે જ્ઞાનનુંસુભગ તે જ મુખે સુહાય, જેના પ્રભુત્વ થકી માનવ જાત શોભે,
એવી નમીએ પ્રિય સરસ્વતી અમારી માતા.
સંસારમાં પ્રથમ દર્શન જેનું કીધું, ખોળે રમી હૃદય અમૃત જેનું પીધું
જેનો વિયોગ રજ આંખ ધરે ન શકય, એવી નમીએ વત્સલ અમારી માતા...

માતા પિતા બંન્નેનું શિરછત્ર આજ અમારી ઉપર નથી પણ:-
જેમને આપણે પ્રેમ કરીએ છીએ તે કદી વિદાય નથી થતાં, તેઓ આપણી સાથે જ અને આપણી વચ્ચે જ રહે છે, આ એક સનાતન સત્ય છે... આજ એમની જન્મ જયંતી નિમિતે...

શું આપીએ શ્રધ્ધાંજલિ, શબ્દો ઓછા પડે છે...
શું આપીએ પુષ્પાંજલિ, પુષ્પો ઓછાં પડે છે.
એમણે દીધેલ સંસ્કાર એ જ અમારૂં પ્રેરણાબળ છે.
એ જ

જયંત હાથી , દિનેશ હાથી, માર્તન્ડ હાથી, કુ. સુધા હાથી, રશ્મિન હાથી

## ડો. તોષા દેસાઈ મેડીકલ પીજીમાં યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને...



તેજસ્વી શૈક્ષણિક કારકિર્દીમાં સાતત્ય જાળવી ડો. તોષા દેસાઈ (જામનગરના જાણીતા તબીબ દંપતી ડો. જતીન તથા ડો.નંદિની દેસાઈનાંપુત્રી) મેડીકલ પોસ્ટ ગ્રેજયુએટ પરીક્ષામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી એમ.વી.શાહ મેડીકલ કોલેજમાં રેડીયોલોજી વિભાગમાં પ્રવેશ મેળવ્યો. અત્યંત કપરી ગણાતી 'ઓલ ઈન્ડિયા એન્ટ્રન્સ એકઝામ'માં પણ તેમણે ઉચ્ચ ગુણાંક સાથે સફળતા મેળવી. કુ. તોષા પ્રમોદીબેન કાન્તીલાલ દેસાઈનાં પૌત્રી તથા હેમાબેન ભરતભાઈ છાયાના દોહિત્રી થાય. અભિનંદન સાથે સૌની યથાયોગ્ય સેવા કરે તેવી શુભકામના.

## મુદિત ધોળકીયાએ એન્જીનીયરીંગમાં સુવર્ણચંદ્રક મેળવ્યો



મે-૨૦૧૪માં લેવાયેલ ગુજરાત ટેક. યુનિવર્સિટીના અંતિમ સેમેસ્ટરની પરીક્ષામાં મુદિત જયેશ ધોળકીયા રાજકોટની વીવીપી ઈજનેરી કોલેજની કોમ્પ્યુટર ઈજનેરી શાખામાં સમગ્ર ગુજરાતમાં ૯.૮૦ એસ.પી. આઈ. સાથે ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો છે. આ સાથે તેમણે સમગ્ર ગુજરાતની ૨૧૪ કોલેજની તમામ શાખાઓમાંપણ પ્રથમ ક્રમે રહી અને સુવર્ણચંદ્રક મેળવેલ છે. ઈન્ટરનેશનલ જર્નલ ફોર ફયુચરીસ્ટિક ટકેનોલોજી અને ઈન્ટરનેશનલ જર્નલ ફોર એડવાન્સ એન્જીનીયરીંગ રિસર્ચ જેવાં પ્રકાશનોમાં 'અલ્ગોરીધમ'ના તેમના સંશોધનપત્રો પ્રકાશિત થયાં છે. ચિ. મુદિત- જયેશ અશ્વિનકુમાર ધોળકીયા તથા રેશ્મા જયેશકુમાર ધોળકીયાના પુત્ર તથા સ્વ. અશ્વિનકુમાર અને પ્રેમિલાબેન ધોળકીયાના પૌત્ર અને સ્વ. મહેશચંદ્ર ઢેબર અને સ્વ. સરલાદેવી ઢેબરના દોહિત્ર છે.

## ભાવિક ખારોડ એમ.એસ. થયા

વડોદરા સ્થિત જાણીતા જ્ઞાતિ કાર્યકર શ્રી પ્રકાશ ખારોડ અને શ્રીમતી તેજલ ખારોડના પુત્ર ભાવિક ખારોડે એરીઝોના સ્ટેટ યુનિવર્સિટી (યુએસએ) માંથી એમ.એસ.(મીકે.)ની પદવી મેળવી અને શોરેવ્યુ(યુએસ) ખાતેની કયુમીન્સ કંપનીમાં એન્જીનીયર તરીકે જોડાયા.

## દેવાંશુ દેસાઈ - પી.એસ.વાય.ડી.



સિહોરના ડો. દેસાઈ પરીવારના દેવાંશુ દેસાઈ જેઓ કેલીફોર્નીયા(અમેરીકા) યુનિવર્સિટી માંથી પી.એસ.વાય.ડી. (ડોકટર ઈન સાયકોલોજી)નો અભ્યાસ કરી રહયા છે. તેઓ પ્રેકટીકલ ટ્રેઈનીંગના ભાગરૂપે ગ્રેટ બ્રિટનની "નેશનલ હેલ્થ સર્વિસ" ની લંડન સ્થિત હોસ્પિટલના માનસિક રોગના વિભાગ (સાઈકીયાટ્રી ડીપાર્ટમેન્ટ) સાથે જોડવા માટે લંડન ગયા છે. દેવાંશુ, શ્રી ઈલાબેન બક્ષી(વડોદરા) શ્રી આશાબેન માંકડ (અમદાવાદ) તથા શ્રી શોભનાબેન મજમુદાર(અમદાવાદ)ના ભત્રીજા તથા ડો. જયમીન દેસાઈ(રાજકોટ) અમીતાબેન દેસાઈ(વડોદરા) તથા શ્રી કોમલબેન બુચ(સા. અરેબીયા)ના ભાણેજ છે.

# ડો. ખારોડ દંપતી એમડી.એસ. થયા

ડો. પ્રણવ નરેશ ખારોડ તથા ડો. હીરલ પ્રણવ ખારોડ બંન્ને જુન ૨૦૧૪માં લેવાયેલ એમ.ડી.એસની પરીક્ષામાં પ્રથમ વર્ગ માં ઉર્તીણ થયાં. ડો. પ્રણવ ખારોડ એમડી.એસ. (એન્ડોડોન્ટીસ્ટ) તથા ડો. હીરલ ખારોડ એમ ડી.એસ.((પેરીઓડોન્ટીસ્ટ)ની પદવી મેળવી. પ્રણવ ખારોડ તે ડો. નરેશ તથા સૌ. દીપના ખારોડના પુત્ર તથા સ્વ. દેવેન્દ્રરાય તથા સ્વ. કુમુદાબેનનાં પૌત્ર તથા સ્વ. નરેન્દ્રભાઈ તથા સરલાબેન વૈષ્ણવના દોહિત્ર થાય. ડો. પ્રણવના નાનાભાઈ ડો. નીરવ ખારોડ પણ ૨૦૧૩માં બીડીએસ થયા.



# વૃન્દા બુચ જામનગર ધો. ૧૨ ૯૯.૯૫ પી.આર

જામનગર સ્થિત જસ્મીન ગજેન્દ્રભાઈ બુચ તથા શ્રીમતી મનિષા જસ્મીનભાઈ બુચનાં પુત્રી ચિ. વૃન્દા બુચ તાજેતરમાં લેવાયેલ ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૯૯.૯૫ પી. આર. સાથે જામનગરની પી.વી. મોદી સ્કૂલમાં પ્રથમ સ્થાન સાથે ઉત્તીર્ણ થઈ કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. અભિનંદન.

# કુ. રૂદ્રી જોષીપુરા – ગુજકેટમાં પ્રથમ



ફોટોઃ–કુ. રૂદ્રી અમીત જોષીપુરા ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની ગુજકેટ ૨૦૧૪ ની પરીક્ષામાં ૯૯.૯૯ પીઆર સાથે બોર્ડમાં અવ્વલનંબરે ઉતીર્ણ થયાં છે. જ્ઞાતિનું ગૌરવ વધારવા બદલ તેણીને રાજકોટ, જુનાગઢ તથા મુંબઈની વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં. ચિ. રૂદ્રી અનીલાબેન ધ્રુવકુમાર જોષીપુરાનાં પૌત્રી અને દાનેશ્વરીબેન જયવંતરાય(જીતુભાઈ) ત્રિપાઠીનાં દોહિત્રી થાય. તેણીએ ગુજરાતની ખ્યાતનામ બી. જે. મેડીકલ કોલેજમાં એમબીબીએસમાં પ્રવેશ મેળવ્યો. ઉજજવલ કારકિર્દીની શુભકામના.

# ખુશી દેસાઈ ધો. ૧૦ – ૯૯.૯૭ પીઆર.



ચિ. ખુશી દેસાઈ (જામનગરના ડો. જતીન દેસાઈ તથા ડો. નંદિની દેસાઈનાં પુત્રી)એ જામનગર કેન્દ્ર ખાતેથી એસ.એસ. સી.માં ૯૯.૯૭ પર્સન્ટાઈલ સાથે સમગ્ર બોર્ડમાં ચોથું સ્થાન તથા શાળમાં પ્રથમ સ્થાન મેળવી કુટુંબ સાથે જ્ઞાતિને પણ ગૌરવ બક્ષ્યું છે. ચિ. ખુશી, પ્રમોદીબેન કાન્તીલાલ દેસાઈનાં પૌત્રી તથા હેમાબેન ભરતભાઈ છાયાના દોહિત્રી થાય.

# હેતાંગી વૈષ્ણવ ધો. ૧૦ – ૯૮.૩ પીઆર

નયનાબેન મેહુલભાઈ વૈષ્ણવનાં પુત્રી ચિ. હેતાંગી ધો. ૧૦માં ૯૮.૩ પીઆર સાથે સમગ્ર સ્કૂલમાં દ્વિતીય સ્થાને ઉર્તીણ થયેલ છે. બહુમુખી પ્રતિભા ધરાવતાં ચિ. હેતાંગીએ તાજેતરમાં લેવાયેલી સંજયભાઈ રાજયગુરુ ટ્રસ્ટ અને ઓમકાર ગ્રુપની કવીઝ સ્પર્ધામાં રાજકોટમાં પ્રથમ અને ગુજરાત રાજ્ય કક્ષાએ ચોથું સ્થાન મેળવેલ છે. શાળા દ્વારા આયોજીત પંચમઢી ટ્રેકીંગ કેમ્પમાં પણ તેઓ મોખરે રહયાં.



## ભવ્યા હીરેનભાઈ નાણાવટી ધો. ૧૦ ૯૭.૧૭ પી.આર.

ભાણવડના ડો. હીરેન નાણાવટી તથા શીલા નાણાવટીનાં પુત્રી ભવ્યા નાણાવટી તાજેતરમાં લેવાયેલ ધો. ૧૦ની પરીક્ષામાં ૯૭.૧૭ પી.આર. સાથે પાઠક સ્કૂલમાં છઠા ક્રમે ઉત્તીર્ણ થઈ કુટુંબને ગૌરવ બક્ષ્યું છે. ચિ. ભવ્યા ભાણવડના કવિશ્રી ડો. ત્રિવિક્રમભાઈ તથા શ્રીમતી કુંજલતાબેન નાણાવટીનાં પૌત્રી અને અમદાવાદના સ્વ. દેવેન્દ્રભાઈ અંતાણી તથા મંજરીબેન અંતાણીના દોહિત્રી થાય છે.

## આસ્થા વસાવડા ધો. ૧૦ ૯૦.૩૩ પી.આર.



રાજકોટનાં આશુતોષભાઈ એમ. વસાવડા અને હીનાબેન વસાવડાનાં પુત્રી ચિ. આસ્થા વસાવડાએ તાજેતરમાં લેવાયેલ ધો. ૧૦ની પરીક્ષામાં ૯૦.૩૩ મેળવી જી. ટી. શેઠ સ્કૂલમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઈ કુટુંબને ગૌરવ બક્ષ્યું છે.

## કુ. નિર્વિષા માંકડ ભરૂચ ધો. ૧૨ ૯૯.૯૮ પી.આર.



કુ. નિર્વિષા માંકડ (ભરૂચ સ્થિત પિયૂષ કિશોરકાન્ત માંકડ તથા અર્ચના પિયૂષ માંકડનાં પુત્રી)એ જીએચએસઇ. બોર્ડ દ્વારા લેવાયેલ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ૯૯.૯૮ પી.આર. સાથે સમગ્ર બોર્ડમાં દ્વિતીય સ્થાન મેળવી જ્વલંત સફળતા મેળવી છે..સાથે JEE માં પણ ઉચ્ચ ગુણાંક મેળવતાં આઇ.સી. એન્જી.માં અભ્યાસ કરશે.

કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષનાર ચિ. નિર્વિષા અમદાવાદ સ્થિત શ્રી કિશોરકાન્ત ભોગીલાલ માંકડ અને શ્રીમતી વર્ષાબેન કિ. માંકડનાં પૌત્રી તેમજ અમદાવાદ સ્થિત શ્રી નાનુભાઈ મગનલાલ બુચ અને શ્રીમતી રક્ષાબેન એન. બુચનાં દોહિત્રી થાય છે.

## ગુરૂ શિષ્ય – શ્રીમતી ઈન્દુબેન વોરા વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી



ભાવનગર સ્થિત સ્વ. વિરેન્દ્રરાય વોરા તથા શ્રીમતી ઈન્દુબેન વોરા દંપતી ૧૯૫૦ થી ૧૯૮૫ સુધી ભાવનગરની નવીન સર્વવિદ્યાલય તથા એન. બી. સ્કૂલમાં શિક્ષકો હતા. ત્યારે મુ. ઈન્દુબેન પાસે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શિક્ષણ મેળવ્યું છે. તેઓ નરેન્દ્રભાઈના વિદ્યાર્થીકાળની નીડરતાના સાક્ષી છે. એક સમયે શાળામાં મગર આવી જતાં તેઓએ પકડીને યોગ્ય સ્થાને પહોંચાડેલ. શ્રી નરેન્દ્રભાઈએ ઈન્દુબેન લિખીત પુસ્તક 'નમામિ હાટકેશ્વરમ્'વાંચી પ્રશંસા પત્ર મોકલ્યો અને મળવાની ઈચ્છા પણ દર્શાવી. તેઓ તા. ૨૫ જાન્યુઆરી ૨૦૧૨ના રોજ ભાવનગરની મુલાકાતે આવતાં અધિકારી વિશ્રામગૃહમાં ઈન્દુબેનને નિમંત્રીત કર્યા તે સમયની આ તસ્વીરમાં ગુરૂ-શિષ્ય સાથે મુ. ઈન્દુબેનનાં પુત્રી અર્ચનાબેન રીંડાણી છે. નરેન્દ્રભાઈને તે સમયથીજ નાગર જ્ઞાતિ ઉપર આદર, વિશ્વાસ હશે? આપણે ફરી ગૌરવ અનુભવીએ.

## મિહીર દેસાઈ એમ. એસ. થયા



જૂનાગઢના હીમાબેન તથા ડો. જગદીપ દેસાઈના તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા પુત્ર મિહીર હાયર સેકન્ડરી બોર્ડની પરીક્ષામાં સમગ્ર બોર્ડમાં બીજા નંબરે ઉત્તીર્ણ થઈ અમદાવાદની પ્રખ્યાત નિરમા ઈન્સ્ટીટયુટમાંથી ઇ.સી.માં બી.ટેક.ની પદવી મેળવી.અને બેંગલોર ખાતેની 'મોટા રોલા'માં જોડાયા. માત્ર બે જ વર્ષમાં કંપનીનો 'બેસ્ટ એમ્પલોઇ' નો એવોર્ડ મેળવી વધુ અભ્યાસ માટે અમેરીકા ગયા. ત્યાં માત્ર ૨૫ વર્ષની વયે એમ.એસ.ની ડીગ્રી મેળવી અને ત્યાંની 'ઇન્ટેલ કંપની'માં એન્જીનીયર તરીકે જોડાયા છે. જયકુમારીબેન-નવીનચંદ્ર દેસાઈના પૌત્ર અને અર્ચનાબેન-સુમનભાઈ મજમુદારના દોહિત્રે બંને કુટુંબનું ગૌરવ વધારી જ્ઞાતિને પણ ગૌરવાન્વિત કરી છે. અભિનંદન.

## લઘુનવલ 'પ્રેમાદેવી'નું નાટય રૂપાંતર 'કોઈ તો પડદાને ખોલો' ભજવાયું

અમદાવાદ સ્થિત જાણીતા હાસ્યલેખક તેમજ નવલકથાકાર પ્રા. કિશોર બી. માંકડ લિખીત લઘુનવલ 'પ્રેમાદેવી'નું વડોદરા સ્થિત નામાંકિત નાટય દિગ્દર્શક અને અભિનેતા શ્રી કલાપી હરેશભાઈ ધોળકિયા દ્વારા 'કોઈ તો પડદાને ખોલો' નામથી નાટયરૂપાંતર કરીને વડોદરાના મહાત્મા ગાંધી નાટયગૃહ માં તા. ૨૯ જૂનના રોજ ભજવવામાં આવ્યું. સ્ત્રીઓના સર્વાંગી વિકાસ સેવા પ્રોજેકટ માટે આર્ટ ઓફ લિવિંગના વડોદરા ચેપ્ટર દ્વારા આયોજિત આ દ્વિઅંકી નાટકમાં શ્રી કલાપી ધોળકિયા ઉપરાંત હેતલ માંકડ તથા અન્ય જ્ઞાતિ કલાકારોએ અભિનયના ઓજસ પાથરી પ્રેક્ષકોની દાદ મેળવી હતી.

નવલકથાકાર પ્રા. કિશોર માંકડ તથા દિગ્દર્શક શ્રી કલાપી ધોળકિયા તથા ટીમના કલાકાર સભ્યો નાટય કલાને જીવંત રાખવા બદલ અભિનંદનના અધિકારી છે.

## શ્રી કચ્છ નાગર પરિવાર, રાજકોટ

પરિવાર દ્વારા પારંપારીક રીતે અષાઢી બીજ કચ્છી નવવર્ષની ઉજવણી તા. ૨૯/૬ના રોજ સાંજે ૭થી ૯:૩૦ વાગ્યા દરમ્યાન કરવામાં આવી હતી. અહીં વસતાં લગભગ પરિવારોએ હોંશભેર ભાગ લઈ પરસ્પર શુભેચ્છા પાઠવી હતી. શ્રીમતી સિદ્ધિબેન વોરાનાં પ્રાર્થનાગીત બાદ પ્રમુખશ્રી નિશેન્દુભાઈ માંકડે કચ્છી નવા વર્ષ દરમ્યાન અવસાન પામેલ દિવંગતોને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા બાદ પૂર્વ પ્રમુખશ્રી મનુભાઈ બુચ તથા શ્રી મકરંદભાઈ વોરાએ પરિવારોને શુભેચ્છા પાઠવી સૌને બિરદાવી સૂચનો કરેલ. ત્યારબાદ પ્રણાલિકા પ્રમાણે ૭૫ વર્ષ પૂર્ણ કરેલ મુ. શ્રી પરેશભાઈ વોરા તથા શ્રીમતી મૃણાલિનીબેન (લીનાબેન) છોટુભાઈ અંજારીયાનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. જેઓ બંને તરફથી સંસ્થાને અનુદાન પણ આપવામાં આવ્યું. આ બાદ દરેક સભ્યો ભાગ લઈ આનંદીત થાય તે હેતુથી અંતાક્ષરીનું આયોજન કરવામાં આવ્યું, જેનું સંચાલન અભયભાઈ અંજારીયા તથા શ્રીમતી નિધીબેન પોટા એ કરેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભારદર્શન હિમાંશુભાઈ રાણાએ આગવી શૈલીમાં કર્યું હતું તો બંકીમ વૈશ્નવે વર્ષ દરમ્યાન યોજાય ગયેલ કાર્યક્રમની ઝાંખી કરાવી દીવાળી બાદ યોજાનાર પ્રવાસની રૂપરેખા રજૂ કરી હતી. અંતમાં છોલે પુરી આઈસ્ક્રીમનો આસ્વાદ માણી અમે સૌ વિખુટા પડયા હતા.

કારોબારીના સર્વે સભ્યોના ઉત્સાહ અને ટીમવર્કથી કાર્યક્રમ સફળ બની રહેલ.



## ચિ. હિમાદ્રી અંતાણી ધો. ૧૦ ૯૮.૧૨ પીઆર.

જામનગરની સત્યસાંઈ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતાં ચિ. હિમાદ્રી અંતાણી તાજેતરમાં લેવાયેલ એસ.એસ.સી.ની પરીક્ષામાં ૯૮.૧૨ પીઆર સાથે શાળામાં સ્થાન મેળવી ઉત્તીર્ણ થયાં. તેણી શ્રી ઉપેન્દ્રરાય અંતાણીનાં પૌત્રી અને શ્રી ભરત અંતાણી અને શ્રીમતી હેમા અંતાણીનાં પુત્રી થાય.

## પ્રો. ભરત અંતાણીનું અભ્યાસકીય પ્રકાશન



જામનગર ખાતે શ્રી વી. એમ. મહેતા કોલેજમાં કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં એસોસિએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા શ્રી ભરત ઉપેન્દ્રરાય અંતાણી લિખીત પાંચમુ પુસ્તક તાજેતરમાં પ્રકાશિત થયું.Computer Graphics using ‘C’ નામક આ શૈક્ષણિક પુસ્તક(બુક) અમદાવાદની સી. જમનાદાસ એન્ડ કંપની દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે. પ્રો. ભરત અંતાણી લિખીત પુસ્તકો કોમ્પ્યુટર ક્ષેત્રના વિવિધ અભ્યાસક્રમોમાં છે. તેઓ બી.ઇ.(સીઇ) સાથે ઓરેકલની ડેટાબેઝ એડમીન. (DBA)ની પદવી પણ ધરાવે છે.



## રથિન અંતાણી બી.ઈ.માં ૯૪% કોલેજમાં બીજા સ્થાને

જામનગર સ્થિત શ્રીમતી કલ્યાણીબેન અને રાજેન્દ્રભાઈ અંતાણીના પુત્ર રથિન અંતાણી કનકેશ્વરી કોલેજ જામનગર માંથી બી.ઇ.(ઇસી)ની પરીક્ષામાં ૯૪% મેળવી કોલેજમાં બીજાં સ્થાન સાથે ઉત્તીર્ણ થઇ એન્જીનીયરીંગમાં સ્નાતક થયા છે. રથિન શ્રીમતી કૌશલ્યાબેન રમાકાન્ત અંતાણીના પૌત્ર અને ચંદ્રિકાબેન મુળવંતરાય બુચના દોહિત્ર થાય.

## કુ. હિમાક્ષી મંકોડી બી. ફાર્મ થયાં



જામનગર સ્થિત શ્રી જયેશભાઈ હર્ષદભાઈ મંકોડી તથા શ્રીમતી પારૂલબેન જ. મંકોડીનાં પુત્રી કુ. હિમાક્ષી (ડોલી) મંકોડી તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ બી.ફાર્મ (આયુ.)ની પરીક્ષામાં યુનિવર્સિટીમાં પાંચમા ક્રમે ઉત્તીર્ણ થઈ કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે.

## વ્યોમ જયોતિન વસાવડા ધો. ૧૨ ૯૯.૫૯ પીઆર



રાજકોટના વ્યોમ જયોતિન વસાવડા ધો. ૧૨ સાયન્સની બોર્ડની પરીક્ષામાંએ-ગૃપમાં ૯૯.૫૯ પર્સન્ટાઈલ રેન્ક (૮૯.૦૮) સાથે મોદી સ્કૂલમાં સાતમો ક્રમ મેળવી ઉત્તીર્ણ થયા છે. વ્યોમ ધો. ૧૦ ની બોર્ડની પરીક્ષામાં પણ ૯૯.૫૧ પર્સન્ટાઈલ રેન્ક (૯૨%) મેળવ્યા હતા. આમ તેની ઉજજવળ કારકિર્દી જાળવી રાખી પરિવાર તથા જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. આ ઉપરાંત વ્યોમ તાજેતરની નેશનલ લેવલની એન્જીનીયરીંગ વોચ ફેલોશીપની સ્પર્ધામાં સમગ્ર દેશમાં બીજા ક્રમે તથા વભભ મેઈન જેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં પણ સફળ થયા છે.

ચિ. વ્યોમ સ્વ. ભદ્રકાન્ત વસાવડાના પૌત્ર તથા શ્રી ચંદ્રવદન પંડયાના દોહીત્ર થાય છે.

# સંસ્થાઓ દ્વારા શૈક્ષણિક પારિતોષીકો અને શિષ્યવૃત્તી

**મુંબઈના શ્રી વડનગરા નાગર મંડળના પ્રમુખશ્રી રવિન્દ્રભાઈ રાણાની યાદી જણાવે છે કે સંસ્થા દ્વારા ધો. ૧૦-૧૨, સ્નાતક અનુસ્નાતક કક્ષા સુધી ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને આપવામાં આવતા પારિતોષીકો અને શિષ્યવૃત્તી નાં ફોર્મ સંસ્થાની વેબસાઈટ http://www.shrivadnagaranagar.org/downloads.asp ઉપરથી સીધા ડાઉનલોડ થઈ શકશે. તેમજ ધો. ૭ થી ૯ના વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તી માટે અરજી કરવાની રહેશે. અરજી અને ફોર્મ પરત મોકલવાની છેલ્લી તારીખ ૩૦ સપ્ટેમ્બર રાખવામાં આવી છે. જેની ખાસ નોંધ લેશો.**

**ફોર્મ અને અરજી માત્ર નીચેના સરનામેજ મોકલવાના રહેશે...**

**શ્રી પાર્થિવ ત્રિવેદી,**
**૫૫/બી શાકુન્ત(શોમ્વલિ)**
**એન.એસ. ૧૨ રોડ,**
**વિઠ્ઠલનગર સોસાયટી,**
**જૂહુ સ્કીમ,**
**મુંબઈ- ૪૦૦ ૦૪૯.**
**મો. ૦૯૯૮૭૦૭૭૮૮૮**

શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ અમદાવાદ દ્વારા દર વર્ષે અપાતાં શૈક્ષણિક પારિતોષિક તથા સ્કોલરશીપ ની વિગત ધ્યાનમાં લઇ અરજી મંગાવવામાં આવેલ છે.

શૈક્ષણિક પરિતોષિક :

શ્રી મંડળ તરફથી ધો. ૧૦, ધો. ૧૨ (બન્ને પ્રવાહ) માં ગુજરાત અને સેંટ્રલ બોર્ડના તથા **B.A., B.Sc. B. Com. B. Ed., B.B.A., Eng. Medical, M. A., M.Sc. M. Com, M.B.A., LL.B. C. A.** વિગેરે ફેકલ્ટીમાં ગુજરાત રાજ્યમાંથી પાસ થયેલ વિદ્યાર્થિઓને કુલ ૧૧૦ ઉપરાંત પારિતોષિક અપાય છે. કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગરોના સંતાનો પૂરતાં આ પારિતોષિક મર્યાદિત છે. સાદા કાગળ પર અરજી, માર્કશીટ પાછળ નામ, સરનામુ, ફોન નં, લખી માર્કશીટની પ્રમાણિત નકલ સાથે, નીચેનામાંથી કોઈપણ એક સ્થળે તા. ૩૧.૦૮.૨૦૧૪ સુધીમાં પહોચાડવી. આની જાણ ગુજરાતમાં વસતા આપના સ્નેહી સંબંધીને પહોચાડશો.

કુ. નીલીમાબેન પી. વૈષ્ણવ ૨૬/બી, નારાયણનગર સોસાયટી જય ભિખ્ખુ માર્ગ, નારાયણનગર, પાલડી, અમદાવાદ --૩૮૦ ૦૦૭. ફોન નં : ૨૬૬૨ ૦૮૮૬

શ્રી હેમાંગ ડી. કચ્છી ૮ બી, જીવન જ્યોત સોસાયટી, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩. ફોન નં : ૨૭૪૮ ૭૫૦

સ્કોલરશીપ : મંડળ દ્વારા મેડીકલ, એન્જીનીયરીંગ, મેનેજમેન્ટ વિગેરેનાં ઉચ્ચ ક્ષેત્રે અપાતી સ્કોલરશીપના ફોર્મ નીચેના સ્થળેથી મેળવી તેજ સ્થળે તા. ૩૧.૦૮.૨૦૧૪ સુધીમાં પરત કરવાં. ફોર્મ મેળવવા માટે સરનામાવાળું યોગ્ય ટીકીટ ચોડેલું કવર મોકલવું અનિવાર્ય છે. અમિત કે. દેસાઈ --એ/૧, માણેક એપાર્ટમેન્ટ, હોટેલ મોસ્કોની બાજુમાં. રેલ્વે સ્ટેશન સામે, મણીનગર, અમદાવાદ ૩૮૦ ૦૦૮. ફોન. ૦૭૯ ૨૫૪૬ ૬૨૩૩

## --- ઊજવીએ સુવર્ણ જયંતી ---

લઈ બરછી હાથમાં, કડછી બગલમાં
કલમનાં ઝળહળાટે.....ઊજવીએ સુવર્ણજયંતી
જ્ઞાતિની સેવા થકી, સંસ્કારની સુગંધ પ્રસરી
સન્માન સૌને આપતાં....ઊજવીએ સુવર્ણજયંતી
વર્ષ પછી વર્ષ ઉમેરાતાં ગયાં, કેડી આદર્શની કંડારતા ગયા
વડીલોની યાદ તાજી કરતાં..ઊજવી એ સુવર્ણજયંતી
ભીની ભીની યાદોને આંખોમાં સમાવતાં
ઝાંખા ઝાંખા સગપણને હૃદયે સંવારતાં
વંદન જ્ઞાતિજનોને કરતાં....ઊજવી એ સુવર્ણજયંતી
ઈષ્ટ છે આપણા શ્રી હાટકેશ મહાદેવ
ચરણે તેના શિષને નમાવીએ
કૃપા દ્રષ્ટિ એમની પામતાં....ઊજવીએ સુવર્ણજયંતી

**- પ્રકાશ દિ. હાથી, રાજકોટ**

## શ્રી નરસિંહ મહેતા ચોરા ટ્રસ્ટ દ્વારા પારિતોષીકો

જૂનાગઢની સંસ્થા શ્રી નરસિંહ મહેતા ચોરા ટ્રસ્ટ દ્વારા દર વર્ષે સમગ્ર ગુજરાતમાંથી બોર્ડ-યુનિવર્સિટીમાં ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થયેલ તેજસ્વી વિદ્યાર્થીઓનું વિશિષ્ટ સન્માન કરવામાં આવે છે. જે માટે ધોરણ-૧૦માં ૯૫% (પી.આર. નહીં) તથા ધો. ૧૨માં ૯૨% મેળવનાર વિદ્યાર્થીઓએ તેમની માર્કશીટ તા. ૩૦/૯/૧૪ સુધીમાં શ્રી નરસિંહ મહેતા ચોરા ટ્રસ્ટ, મોતીભવન, માઢ સ્ટ્રીટ જૂનાગઢ ને સરનામે મોકલી આપવાની રહેશે. ચાલુ સાલ સૌરાષ્ટ્ર/ગુજરાતમાં એલએલ.બી.માં ઉચ્ચ ગુણ સાથે સફળ થઈ પ્રેકટીસ શરૂ કરવા ઈચ્છુક ભાઈ/બહેનને શૂટ (ડ્રેસ) તથા જરૂરી પુસ્તકો માટે રૂા. ૧૦ હજાર સુધીનો પુરસ્કાર ગુજરાત હાઈકોર્ટના સિનિયર એડવોકેટ શ્રી નિરૂપમ નાણાવટી તરફથી તેઓના પિતાશ્રી સ્વ. દિવ્યકાંતભાઈ કે. નાણાવટીના સ્મરણાર્થે આપવામાં આવશે.

## ડો. ધૈવત વૈશ્નવે ડીએનબી પદવી મેળવી

ડો. ધૈવત વૈશ્નવે દક્ષિણ ભારત કોચીની નામાંકિત લેકસરો હોસ્પિટલ-રીસર્ચ સેન્ટરમાં ત્રણ વર્ષનો ગેંટ્રોએન્ટ્રોલોજી (સર્જીકલ) અભ્યાસ પૂર્ણ કરી ડીસેમ્બર ૨૦૧૩માં લેવાયેલી નેશનલ બોર્ડ (મેડીકલ) નવી દિલ્હી આયોજિત પરીક્ષા પ્રથમ પ્રયત્ને ઉતીર્ણ કરી DNB (ડીપ્લોમેટ ઓફ નેશનલ બોર્ડ) ની પદવી પ્રાપ્ત કરી છે. જૂનાગઢના સ્વ.શ્રી અનસુખરાય દિલસુખરાય વૈષ્ણવના પૌત્ર અને પોરબંદરના સ્વ.શ્રી ત્રિભોવનરાય માધવરાય છાયાના દોહિત્ર તેમજ શ્રીમતિ મધુરીકા અને શ્રી કલાપીરાય વૈષ્ણવના પુત્ર ડો. ધૈવત વૈશ્નવે અભ્યાસ દરમ્યાન નીચે મુજબની વિશેષ સિધ્ધિઓ મેળવી... 1. 2nd Priz in quiz competition during first international ESOINDIA conference at chennai -2013. 2. Best cade presentation prize at Cochin Clinic Society meet 2013. 3. Best oral presentation during ASGKON 2014 at Kochi. 4. Recently selected in mentorship programme pancreas India (20 Young doctors selected from all over India) run by Indian Pancreas Club for year 2014.

## માનસી વૈદ્ય બી.ઈ. (ઇસી) થયાં



માનસી મનીષભાઈ વૈદ્ય જુન-૧૪માં જીટીયુ અમદાવાદ દ્વારા લેવાયેલ બી.ઈ.(ઈસી) ની પરીક્ષામાં ૯.૦૦ (૯૦%) સાથે ઉત્તીર્ણ થઈ એન્જીનીયર થયાં. કુ. માનસી ભુજના મનીષભાઈ એમ. વૈદ્ય અને તૃષાબેન એમ. વૈદ્યના પુત્રી, સ્વ. જદુલતાબેન મહેન્દ્રભાઈ વૈદ્યના પૌત્રી અને ભુજના જાણીતા એડવોકેટ સુભાષચંદ્ર દિ. વોરા અને અ.સૌ. પંકજબેન વોરાનાં દોહિત્રી થાય.

**સમસ્ત નાગર / સમસ્ત બ્રાહ્મણના યુવક યુવતીઓ માટે પરિચય પુસ્તિકા પ્રગટ થનાર છે.**

**રજીસ્ટ્રેશન ફી-કોઈ ચાર્જ નથી.**

**સંપર્કઃ- મો. ૯૯૯૮૮૦૦૪૦૫**

**ફોન : ૦૨૮૧-૨૪૭૧૯૮૫**

**મો. ૯૪૨૮૫૦૬૧૯૦ (ભુજ)**

## શ્રી સમસ્ત નાગર વિદ્યોત્તેજક મંડળ, જૂનાગઢ

ઉપરોકત સંસ્થાના ઉપક્રમે પ્રતિ વર્ષ મુજબ તા. ૨૨/૬/૧૪ના રોજ ધો. ૧૦-૧૨માં ૭૦% કે તેથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને સન્માનનો 'સરસ્વતી સન્માન' કાર્યક્રમ યોજાય ગયો. જેના મુખ્ય અતિથિ તરીકે સંન્નિષ્ઠ અને કાર્યદક્ષ જ્ઞાતિ સેવક શ્રી રઘુવીરભાઈ ખારોડ ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત સર્વશ્રી મહેશ્વરભાઈ પંચોળી, હરીષભાઈ દેસાઈ, બકુલેષભાઈ આચાર્ય, ડો. પૂર્ણેન્દુભાઈ બુચની ધ્યાનાકર્ષક ઉપસ્થિતિ રહેલ. શ્રી કુલીન ઢેબરની પ્રાર્થના બાદ સંસ્થાના પ્રોજેકટ ચેરમેન શ્રી ભારતભાઈ મજમુદારે સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. બાદમાં મંત્રી શ્રી મધુભાઈ કિકાણીએ સંસ્થાની કામગીરીનો સંપૂર્ણ અહેવાલ આપ્યો હતો. સંસ્થાના ૧૧મા વર્ષમાં પ્રવેશ બદલ હર્ષની લાગણી વ્યકત કરી હતી.

નવા વરાયેલા પ્રમુખશ્રી મધુભાઈ વસાવડાએ પ્રાસંગિક સંબોધન કર્યા બાદ બોર્ડમાં અવ્વલ સ્થાને ઉત્તીર્ણ થયેલ (બરછીમાં છપાયા મુજબના) તેજસ્વી તારકો કુ. રૂદ્રી જોષીપુરા, પ્રાત્વી વૈશ્નવ,પંકિત ખારોડ, ધ્વનિ મહેતા, વિધેય જોષીપુરાનું તથા વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર ડો. ધૈવત વૈશ્નવ, ડો. ભવતોષ કિકાણીનું ઉચિત સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કુ. રાધા રાજીવ મહેતા તથા ચિ. મહેક આશિષ માંકડનું બાળપ્રતિભા શોધમાં રાજ્ય કક્ષાએ સ્થાન મેળવવા બદલ સન્માન કરાયેલ. વિવિધ દાતાઓ તરફથી પણ સૌને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન શ્રી સંજીવ મહેતાએ તથા આભાર દર્શન શ્રી વિમલભાઈ વોરાએ કર્યું હતું. અંતમાં અલ્પાહારને ન્યાય આપી સૌ વિખરાયા હતા. સંસ્થાના તમામ સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## અનંતના યાત્રીઓ :

વડોદરા : પદ્મ્માબેન અરવિંદભાઈ બુચ ૮૬ વર્ષે, ડો. પ્રદુમ્નભાઈ પ્રભુપ્રસાદ જોષીપુરા ૮૪ વર્ષ, ભ્રગુલતાબેન રમેશચંદ્ર હાથી ૭૨ વર્ષ, આશુતોષભાઈ ભાસ્કરભાઈ મુનશી ૭૯ વર્ષ , શ્રીમતી કોકીલા બેન ભરતભાઈ ઝાલા - ૭૫ વર્ષ.

રાજકોટ : ઈન્દુમતીબેન વૈકુઠરાય દેસાઈ ૮૭ વર્ષ, ધનવંતીબેન બાલકૃષ્ણભાઈ મજમુદાર, દીપકભાઈ કૌશિકભાઈ માંકડ - ૭૩ વર્ષ.

અમદાવાદ : વીણાબેન સુબોધભાઈ વોરા , ભવેન્દુભાઈ દિલીપરાય ઓઝા ૭૪ વર્ષ, ડો. રમેન્દ્રભાઈ જયંતીલાલ બુચ, શ્રીમતી હર્ષાબેન હીમકરભાઈ જોષીપુરા - ૭૧ વર્ષ, તિલોતમાબેન નરેન્દ્રભાઈ પારઘી વીણાબેન પ્રબોધભાઈ વોરા.

જામનગર : કિરીટભાઈ પ્રવીણચંદ્ર વત્સરાજ ૭૬ વર્ષ , શ્રીમતી ભકિતબેન વીરેન્દ્રભાઈ બુચ ૬૫ વર્ષ,

મહુવા : ત્રિલોચનાબેન (બબુબેન) દેસાઈ, કુમુદભાઈ દેસાઈ, પ્રિયબાળાબેન જશભાઈ દેસાઈ ૮૬ વર્ષ

ભાવનગર : ભાર્ગવભાઈ વીરેન્દ્રરાય ઓઝા ૬૦ વર્ષ, નરેશભાઈ તનસુખલાલ મહેતા ૭૨ વર્ષ.

મૃદુલાબેન રમેશભાઈ મંકોડી ૮૦ વર્ષ ધ્રાંગધ્રા, કનકવાણીબેન વિરેન્દ્રરાય હાથી ૮૩ વર્ષ ભુજ ખાતે.

મધુકાંતભાઈ કેશવલાલ વોરા - ૭૨ વર્ષ - ભુજ, નટવરલાલ મુળશંકર બુચ - ૯૨ વર્ષ - અંજાર, હરસુતાબેન જયકુમારભાઈ વૈશ્નવ - ૮૨ વર્ષ - ગાંધીધામ શ્રીમતી રોહિણીબેન રમેશચંદ્ર દેસાઈ - ૬૨ વર્ષ - ઉના, યમલ કમલાક્ષભાઈ ઓઝા-૭૫ વર્ષ - મુંબઈ, મુદ્રીકાબેન નીલકંઠભાઈ ધોળકિયા-૯૪ મુંબઈ

# સમાચાર સંચય

✪ <u>રાજકોટ :</u> અત્રેના ગુરૂવાર સત્સંગ મંડળને ૫૦ વર્ષ પૂરાં થતાં હોઈ મંડળ દ્વારા તા. ૩૧/૮/૧૪ને રવિવારના રોજ નાગર બોર્ડીંગ, ટાગોર માર્ગ, ખાતે રાંદલ સ્થાપન કરવામાં આવનાર છે. સાંજે ૪ થી ૬ દરમ્યાન જ્ઞાતિજનોને દર્શનનો લાભ લેવા આમંત્રણ છે. વિશેષ માટે કામિનીબેન ઝાલા મો. ૯૯૭૮૯૪૫૦૦૩નો સપર્ક કરવા વિ. છે.

✪ અત્રેના બ્રીજ શૈલેષ ઢેબર બેંગલોરની મલ્ટીનેશનલ કંપની Qvientiles માં કલીનીકલ રીસર્ચ મેનેજર તરીકે જોડાયા.

✪ અત્રેના નિવૃત્ત બેંક મેનેજર પી.જી.દેસાઈ એ શ્રી હાટકેશ્વર મંદિરમાંવરિષ્ઠ નાગરીકોની સવલત અર્થે સ્ટીલની રેલીંગ પેટે અનુદાન આપ્યું.

✪ અત્રેના શ્રી ચૈતન્ય અંજારીયા આસી. જોઈન્ટ કમિશ્નર તરીકે હિંમતનગરથી અમદાવાદ બદલાયા.

✪ અત્રેના શ્રી મનદીપ ભૂપેન્દ્રભાઈ વસાવડાએ આઈડીબીઆઈ બેંકમાં મેનેજર તરીકે બઢતી મેળવી.

✪ <u>જૂનાગઢ :</u> અત્રે છેલ્લાં ૨૫ વર્ષથી ગિરનાર ઉપર પાણી પરબ, છાશકેન્દ્ર જેવી સેવા પ્રવૃત્તિઓ સાથે સાથે જ્ઞાતિના વિદ્યાર્થીઓને રાહત દરે નોટબુક ચોપડાનું વિતરણ કરવાનું ઉમદા કાર્ય કરી રહેલ નાગર ફ્રેન્ડઝ કલબ દ્વારા આ વર્ષે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓને રૂા. ૩માં નોટબુક,રૂા. ૪માં ચોપડા તથા રૂા. ૫૦માં સ્કૂલબેગનું સંસ્થા પ્રમુખ, જ્ઞાતિકાર્યકર, બરછી પ્રતિનિધિ શ્રી નીરજભાઈ વૈશ્નવ ના નિવાસસ્થાનેથી કરવામાં આવતાં સાંપ્રત કપરા સમયમાં જ્ઞાતિજનોએ લાભ લીધો. સાથે સાથે સત્કાર્ય માટે દેશ પરદેશમાંથી અનુદાનો પણ મળી રહયાં છે.

✪ શ્રીમતી અમીષાબેન આશિષભાઈ માંકડનાં પુત્રી કુ. મહેક માંકડને લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન તરફથી સ્ટુડન્ટ ઓફ ધ યરનો એવોર્ડ એનાયત થયો.

✪ અત્રે યોજાયેલ ઓપન જૂનાગઢ નરસિંહ પદ ગાન સ્પર્ધામાં કુ. ખ્યાતિ મહેશભાઈ જોષીપુરાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી નરસિંહ મહેતા ચોરા સમિતિ દ્વારા પારિતોષીક મેળવ્યું.

✪ <u>ભાવનગર :</u> ઘોઘા હાટકેશ્વરના દ્વિ શતાબ્દી વર્ષ નિમિત્તે ગોઘા હાટકેશ્વર મંદિરમાં તા. ૬/૭/૧૪ના રોજ શ્રી જાગૃતભાઈ દેસાઈના યજમાન પદે અને શ્રી મહીપતભાઈના આચાર્ય પદે દ્વિતીય લઘુરૂદ્રનું આયોજન થઈ ગયું.

✪ <u>જામનગર :-</u> શ્રી બીપિનભાઈ છાયા દ્વારા તેઓના પત્ની સ્વ. દુર્ગાબેન (દિવ્યાબેન) છાયા તથા તેમના બેન સ્વ. અરૂણાબેન ગુણવંતરાય દેસાઈના સ્મરણાર્થે શ્રી અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્ર તથા નાગર સોશ્યલ મેડીકલ એઈડ ટ્રસ્ટ જામનગર તેમજ રાજકોટની અંધજન શાળાને માતબર રકમનુંઅનુદાન આપવાનુંસ્તુત્ય કાર્ય કર્યુ.

✪ અત્રે એમ.વી.શાહ કોમર્સ કોલેજમાં ૩૮ વર્ષથી પ્રોફેસર તરીકે કાર્યરત પ્રા. ઉર્મીબેન આનંદભાઈ મહેતાને તેમની કાર્યનિષ્ઠાની કદરરૂપે ઈન્ચાર્જ પ્રિન્સીપાલ તરીકે બઢતી આપવામાં આવી. જે બદલ મહીલા ગરબા મંડળ તરફથી તેઓનું સન્માન કરવામાં આવ્યું.

✪ શ્રી હિમાંશુ બી. ધોળકીયા જામ.ના નાગર સોશ્યલ મેડીકલ એઈડ ટ્રસ્ટના મંત્રી/ટ્રસ્ટી તરીકે નિમાયા.

✪ <u>વલસાડ :–</u> અત્રે સ્થિત અંકિત તુષારભાઈ મંકોડી અમરનાથ તથા વૈષ્ણવદેવીની યાત્રાએ જઈ આવ્યા.

✪ <u>અમદાવાદ :–</u> ડો. યજ્ઞેશભાઈ આર. બક્ષી, પ્રણવભાઈ, નીરવભાઈ બક્ષી સપરિવાર ગંગકોટ, દાર્જીલીંગના પ્રવાસે જઈ આવ્યા.

✪ અત્રેના અપૂર્વ સ્નેહીતભાઈ બુચને ICICI બેંકમાં સિનિયર મેનેજર તરીકે બઢતી મળી.

✪ <u>ગાંધીનગર:–</u> મંડળની નવરચિત યુવા ટીમ દ્વારા એક ફ્રેન્ડલી ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં યુવાનો તેમજ મોટી ઉમરના નાગરજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઓકટોબર ૨૦૧૪માં ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન દ્વારા કલાસ ૧–૨ અધિકારીઓની સીધી ભરતીથી નિમણુંક થનાર છે અને જયારે સરકારમાં આપણું પ્રતિનિધિત્વ ઓછું થતું જાય છે ત્યારે સરકારી નોકરીમાં જ્ઞાતિ યુવાનોને રૂચી જાગે તે માટે એક સેમિનારનું આયોજન કરવામાં આવતાં યુવાનોએ તેમાં સામેલ થઈને મંડળનો આ નમ્ર પ્રયાસ સફળ બનાવ્યો હતો. આ સેમિનારમાં શ્રી વી.બી. બુચ, સરકારી અધિકારી સર્વશ્રી વાગ્મિનભાઈ બુચ તથા મુકેશભાઈ શુકલએ અમૂલ્ય માર્ગદર્શન પુરું પાડયું હતું. ત્રણેય વકતાઓએ સરકારી નોકરીનું મહત્વ સમજાવી મંડળના નવતર પ્રયાસને બિરદાવ્યો હતો.

✪ <u>વડોદરા :</u> કુમાર ખુશમ ઉદય વછરાજાની (ઉ.૭) ગાંધર્વ સંગીત મહાવિદ્યાલય દ્વારા સેવાયેલ પ્રારંભિક તબલાવાદનની પરીક્ષામાં વિશેષ યોગ્યતા સાથે ઉત્તીર્ણ થયા.

✪ શ્રીમતી નીષા ઉદય વછરાજાની આકાશવાણી વડોદરા દ્વારા નૈમિતીક ઉદ્‌ઘોષકની સ્વર પરીક્ષામાં સફળ થઈ ઉદ્‌ઘોષક તરીકે પસંદગી પામ્યાં.

✪ ધૈવત હેમાંગ અંતાણી કોલોબ્રા મલ્ટીનેશનલ કંપનીમાં જોડાયા.

✪ <u>આણંદ :</u> કુ. શિવાની જીતેશ દેસાઈ (બી.ટેક.)એ ભારતની અગ્રગણ્ય આઈ.આઈ.એમ. ઉદેપુર ખાતે એમબીએ.માં પ્રવેશ મેળવ્યો.

## <u>સગપણ સગાઈ :</u>

❁ રાજકોટ સ્થિત જૂનાગઢના શ્રીમતી કલ્પનાબેન તથા ઉત્કલ ચિત્તરંજનભાઈ વૈશ્નવનાં પુત્રી ખુશાલીનું સગપણ અમદાવાદ સ્થિત શ્રીમતી દેવહૂતીબેન તથા હિતાર્થભાઈ પ્રફુલ્લચંદ્ર ખારોડના પુત્ર વિહંગ સાથે.

❁ રાજકોટના હર્ષલ ભરતભાઈ અંજારિયાનું સગપણ ભાવનગર નિવાસી ચાંદની હેમેન્દ્રભાઈ માંકડ સાથે.

❁ રાજકોટ સ્થિત ઉર્મિ ભરતભાઈ ઓઝાનું સગપણ રાજકોટ સ્થિત ભાવેશ પ્રદ્યુમ્નભાઈ ઝાલા સાથે.

❁ ગાંધીનગર સ્થિત શશાંકભાઈ અને ઈલાબેન જોષીપુરાનાં પુત્રી શ્વેતાનું સગપણ વડોદરા સ્થિત વિરાટ ભાઈ અને અપર્ણાબેન ઓઝાના પુત્ર આનંદ સાથે.

❁ જામનગરનાંનીરા યોગેશ પોટાનુંસગપણ અમદાવાદ સ્થિત મૌર્ય દીર્ઘાયુભાઈ જોષીપુરા સાથે.

❁ આણંદ સ્થિત રોહન ભરતભાઈ બુચનુંસગપણ મંદસોર (રતલામ)નાં પ્રિયંકા મહેશભાઈ નાગર સાથે.

<u>શુભ લગ્ન :</u> ❁ ગાંધીનગર નિવાસી મુદ્રિકા કશ્યપ મહેતાના લગ્ન રાજકોટના અમદાવાદ સ્થિત ભવ્ય દુષ્યંતભાઈ બુચ સાથે. ❁ વડોદરા સ્થિત શ્રીમતી બીનાબેન તથા દુષ્યંતભાઈ છાયાના પુત્ર ડો. મનનના લગ્ન અમદાવાદ સ્થિત શ્રીમતી રેખાબેન તથા અખિલેશભાઈ દેસાઈનાં પુત્રી ડો. ઉક્તિ સાથે.

## આપના ઘર કે ઓફીસને કલરકામ કરાવી આકર્ષક રૂપરંગ આપો..

નવા તથા જૂના ઘરને...

- ✪ કલરકામ
- ✪ રીનોવેશન
- ✪ વોટરપ્રુફીંગ
- ✪ સ્પેશ્યલ કોટીંગ કલરથી

આકર્ષક અને ટકાઉ બનાવવા માંગતા હો તો એકવાર અમારો સંપર્ક અવશ્ય કરશો..

✪ બજારભાવ કરતાં વ્યાજબી ભાવની ખાત્રી...

**જયેશ વસાવડા – અમેરીકન કલર**

**મો. ૯૮૯૮૧૭૦૮૧૩ / ૯૦૬૭૪૯૩૧૧૭**



**પરણે દિકરી વ્હાલી...**

**શરણાઈથી વિદાઈ સુધી...**

Ahmedabad | Vadodara | Rajkot | Gandhidham

Concept Wedding Planner ✦ DJ & Music ✦ Food & Catering ✦ Theme Decoration ✦ Mehndi ✦ Doli & Baggi ✦ Dance Group Artist ✦ LED Video Screen ✦ Photo & Video Shooting

**Concept Wedding Planner**

Pallav Devendrabhai Mankad

Cell: 9624889707

UNLIMITED SOURCE

Making Dream Wedding Comes True

**Unlimited Source**

www.unlimitedsource.in

Gayatri Nagar 2, Hasanwadi, "Shri Ramkrupa" Rajkot - Gujarat - India

Email: unlimitedsource2010@gmail.com, kssource@gmail.com

## <u>સુવર્ણ તક</u>

ફૂરસદના સમયનો સદ્‌ઉપયોગ કરો.. તંદુરસ્તી અને આરોગ્ય સાથે જીવનધોરણમાં પરિવર્તન લાવો. જીવન ઉપયોગી વિવિધ પ્રોડકટનું ઘેર બેઠા મોબાઈલ કે કોમ્પ્યુટરથી માર્કેટીંગ કરી ઘૂમ કમાણી કરો..

માહિતી અને માર્ગદર્શન માટે સંપર્ક કરો : મો. ૯૧-૯૭૧૨૯૪૯૨૮૯

# ABM TRAVELS

**Honeymoon tours :**

Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives//Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui
Mountain Resort
Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh

**Wildlife Tours :**

Sasan Gir/Ranthanbore/Sarisca/Corbett/
Kaziranga/Kanha-Bandhavgarh/Madumalai
Bandipur/Coorg/Kabini

**Pilgrims :**

CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur

**Cruise tours :**

STAR cruise: MSC cruise Royal Caribbean : Coast a

**Booking of International destinations :**

SOTC # THOMAS COOK # COX & KING
STAR TOURS # NEEM Holidays # KESARI

**Avinash Mehta, Mumbai # 09820817318**
**abmtravels@gmail.com**

**નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**

**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**

**ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં, સિદ્ધપુર. ફોન : ૨૭૬૭-૨૨૧૯૩૫**

## પરીક્ષાના પરિણામો :

**ધો. ૧૦**

| | | |
|---|---|---|
| ઉન્નત હેમાંગ અંતાણી | ૮૬% | વડોદરા |
| ક્રિશ્તી તારક છાયા | ૯૯.૮ | વડોદરા |
| વૃષા પરાશર બક્ષી | ૭૪% | વડોદરા |
| મૈત્રી ધવલ માંકડ | ૮૬% | વડોદરા |
| માર્ગી ધવલ માંકડ | ૮૩% | વડોદરા |
| હેત અતુલભાઈ મહેતા | ૯૦% | મહુવા |
| દ્રષ્ટિ મિહીર વૈશ્નવ | ૮૩% | ભરૂચ |
| પલક પરેશ છાયા | ૮૯% | જામનગર |
| ઋત્વીક ખમીર દિવાન | ૭૦% | જૂનાગઢ |
| શિવાની જોગેન્દ્રભાઈ કચ્છી | ૮૭ | જૂનાગઢ |
| ત્વીષા તુષાર માંકડ | ૭૬% | જામનગર |
| અદીતિ રાહુલ દેસાઈ | ૮૩% | ભાવનગર |
| દ્રષ્ટિ મિહીર વૈશ્નવ | ૮૩% | ભરૂચ |
| અદ્વૈત જયેશ મહેતા | ૮૫% | અમદાવાદ |
| કુશાંગ નીરલ ઝાલા | ૮૦% | અમદાવાદ |

**ધો. ૧૨**

| | | |
|---|---|---|
| દેવાંશુ હરેશભાઈ મહેતા | ૭૩% | મહુવા |
| દેવાંશ વિરલ સ્વાદિયા | ૭૯% | વલસાડ |
| કાવ્યા તુષાર માંકડ | ૯૯.૯૫ | વડોદરા |
| દિશાંક જયમીન નાણાવટી | ૮૩% | વડોદરા |
| પ્રણામી ડો. કેતન દિવાન | ૮૫% | મુંબઈ |
| મેધાવી તારક ઓઝા | ૭૭% | ગાંધીનગર |
| મોક્ષીત કૈલાસભાઈ મારૂ | ૭૭% | જામનગર |

(પરિણામો–આવતા માસમાં છેલ્લા)

**ટી. વાય. બી.કોમ.**

| | | |
|---|---|---|
| પ્રતીક જયેશભાઈ અંતાણી | ૭૨ | ભાવનગર |
| કાજલ જગદીપભાઈ ઢેબર | પ્રથમ વર્ગ | ખંભાળીયા |
| ભૂષા દિપકભાઈ મહેતા | પ્રથમ વર્ગ | અમદાવાદ |
| આર્ષ વૈદ્ય | પ્રથમ વર્ગ | ભાવનગર |
| તીર્થ મુનીન્દ્ર ખારોડ | બીજો વર્ગ | ભાવનગર |

**એફ.વાય.બી.કોમ.**

| | | |
|---|---|---|
| હીરલ યોગેશ બુચ | પ્રથમ વર્ગ | અમદાવાદ |
| ચીરાગ કેતન ઓઝા | " | " |

**એફ.વાય.બી.કોમ.(સેમે.૨)**

| | | |
|---|---|---|
| આકાશ અજય છાયા | પ્રથમ વર્ગ | જૂનાગઢ |

**એસ.વાય.બી.કોમ.**

| | | |
|---|---|---|
| ખ્યાતિ જોષીપુરા | ૭૭% | જૂનાગઢ |

**બી.એસ.સી.**

| | | |
|---|---|---|
| શિવાની અંકુર ઓઝા | ૭૦% | અમદાવાદ |
| કર્મ દીપકભાઈ ઢેબર | પ્રથમ વર્ગ | જામનગર |

**એમ.સી.એ. (એસ.વાય.)**

| | | |
|---|---|---|
| જિલ ભૌમિક જોષીપુરા | ૭૦% | અમદાવાદ |

**એમ.બી.એ.**

| | | |
|---|---|---|
| હિમાની રત્નાકર બુચ | | વડોદરા |
| હાર્દિક હિમાંશુભાઈ ધોળકિયા(ઇગ્નુ યુનિ.) | | વડોદરા |

બી.એડ.

| | | |
|---|---|---|
| શિવાંગી કલ્પેશ અવાશીયા | ૮૩% | જુનાગઢ |
| ચિનાર કાર્તિક કચ્છી | ૮૪% | રાજકોટ |
| મીતા શરદ રીંડાણી | ૭૫% | અંકલેશ્વર |

## ----- મંગલ મેરેજ બ્યુરો -----

**સંચાલક : મમતાબેન ઢેબર મો. ૦૯૦૬૬૦૯૩૩૨૧** Mail ID : mamtadhebar@yahoo.in

**યુવક જોઈએ છે : (કન્યાની વીગત આપેલી છે)** (૧) માર્ચ–૮૮ એમ.એસ.સી. બાયો. ઉં. ૫.૬ ફાર્મા કં.માં નોકરી (૨) મે–૮૮ બી.ઈ.(આઇસી) ઉં.૫.૬ એમએનસી.માં નોકરી (૩) જૂલાઈ–૯૨ એમ.એસ.સી. (લાઇફ સાયન્સ) ઉં. ૫.૧ (૪) જાન્યુ. ૭૫ બી.એ., ઉં. ૫.૬ ટ્યુશન કરતી કન્યા

**યુવતી જોઈએ છે : (યુવકોની વીગત આપેલી છે)** (૧) સપ્ટેમ્બર – ૮૬ એમ.ફાર્મ ઉં. ૫.૧૧ (હૈદ્રાબાદ)
(૨)જાન્યુઆરી–૮૩D.Pharm,B.Com.,MBAમંગળ(સૌરાષ્ટ્ર)
(૩)જૂલાઈ–૮૨ડીવોર્સી –એમ.એસ.સી. (અમદાવાદ) **સગાઈના અભિનંદન :** શ્વેતા શશાંકભાઈ જોષીપુરા–આનંદ વિરાટભાઈ ઓઝા ---વૈદેહી ભાર્ગવ દેસાઈ – વિશાલ બુચ

# લગ્ન વિષયક જાહેરાત

– જાહેરાતોના ફોન નં.–માહિતી મેળવવા સવારે ૧૨ થી ૧ અને સાંજે ૭ થી ૯માં ફોન કરશો.

– ઓગષ્ટથી શરૂ થતા નવા વર્ષમાં આ કોલમનો લાભ લેવા આપનું લવાજમ બાકી હોય તો સમયસર ભરી દેશો..આપને યોગ્ય લાગે તો અન્ય જ્ઞાતિજનોને ભલામણ કરશો...જ્ઞાતિ દેશમાં પરદેશમાં વિસ્તરતી જાય છે તેથી સંચારમાધ્યમો દ્વારા સંપર્ક–સંબંધ વધતા જાય છે, પરંતુ સગા–સ્નેહીઓના પારિવારીક સંબંધો ઘટતા જાય છે તેથી જેટલા વધુ જ્ઞાતિજનો જોડાશે તેટલો ફેલાવાનો વધુ લાભ આપ સૌને મળશે.

(૧) એમ. એ,. બી એડ., જ. ૪/૧૯૭૮ ૫'સરકારી નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક ૦૨૮૮–

(૨) એમએ., એમ.લીબ., બીએડ, વગેરે જ. ૯/૧૯૮૪, ઉં. ૫'.૪" મદદનીશ શિક્ષક ભવન્સ સ્કૂલમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક :૦૨૮૮ –

(૩) બી.કોમ., પીજીડીસીએ., જ. ૪/૧૯૮૪ ઉ. ૫'.૪" બેંકમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક :૦૨૮૮ – મો.

(૪) બી.કોમ., જ. ૧૦/૧૯૮૪, ઉં. ૫'.૪" કન્યાને યુવક. સંપર્ક :૦૨૮૧– મો.

(૫) એમ.એસ.સી.(આઈટી) જ. ૧/૧૯૯૦, ઉં. ૫'.૫" કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૯૨–

(૬) બીસીએ, (એમસીએ ચાલુ) ૫/૧૯૯૧, ઉ. ૫'. ૪" માંગલિક કન્યાને યુવક. સંપર્ક :૦૨૮૩૬

(૭) બીસીએ, એમએસસી. (IT) ૯/૧૯૮૭, ઉં. ૫'.૮" નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક ૦૭૯

(૮) બીએસસી., એમબીએ. જ., ૧/૧૯૮૦ ઉં. ૬'.૨" HDFC બેંકમાં સિનિયર મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક ૦૨૮૮ –

(૯) બીએસસી, એમએસસી., જ. ૨/૧૯૮૨, ઉ. ૬'.૪" વડોદરા ખાતે સોફટવેર એન્જીનીયર, પ્રોગ્રામ મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. ૦૨૮૮ –

(૧૦) બી.ઈ. (આઈટી) મુંબઈ યુનિ. જ. ૫/૧૯૮૭ ઉં.૫'.૧૨" આર.પી.જી. લાઈફ સાયન્સમાં સિનિયર મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક ૦૨૨ –

(૧૧) બી.કોમ., જ. ૮/૧૯૮૬, ઉ. ૫'.૯" કારગો કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક

(૧૨) એમ.બી.એ.(ફાઈ) જ. ૧૯૮૪, ઉ. ૫'.૭" જી.એચ.સી.એલ. કંપનીમાં ડે.મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્કઃ– ૦૨૮૧– મો.

(૧૩) બી.ઇ. (ઇસી) જ. ૮/૧૯૮૭, ઉં. ૫'.૫" મેનેજર રીલાયન્સ ઈન્ડ.જામનગર ખાતે નોકરી કરતા ના. બ્રા. યુવકને કન્યા. સંપર્ક :૦૨૮૮– મો.

(૧૪) બી.ઇ.(મીકે.) જ. ૧૦/૧૯૮૯, ઉં. ૫'.૧૧" ઓટો પાર્ટની પોતાની ફેકટરી ધરાવતા યુવકને કન્યા. સંપર્ક :૦૨૭૫૩–

## આપનું લવાજમ પુરૂં થાય છે...

# યાદ છે ને ?

**જેમને એડ્રેસ સ્લીપમાં RENEWED UPTO 7- 2014 આવે છે તે દરેકનું લવાજમ આ માસમાં પુરૂં થાય છે.. ઓગષ્ટથી શરૂ થતાં નવાં વર્ષનું આપનું લવાજમ રૂા. ૧૫૦/– કે બે વર્ષના રૂા. ૩૦૦/– પ્રતિનિધીને, મ.ઓ. થી, કે સીધુ કાર્યાલયે મોકલી આપવા વિનંતી.**

**નીચેની માહિતી વાંચશો અને વંચાવશો...**

બેંક ઓફ બરોડા, કાલાવડ રોડ બ્રાંચ, રાજકોટ **KALAM KADCHHI BARCHHI** નામે **C.A/c. No.15010200000110 (RTGS CD-BARB0KALAWA)** દ્વારા પણ લવાજમ જમા કરાવી શકો છો.

નવા તેમજ જૂના ગ્રાહકોએ બેંકમાં રકમ જમા કરાવ્યા બાદ પોતાના નામ અને ગ્રાહકનંબર, રકમ જમા કર્યાની તારીખનો અને નવા ગ્રાહકોએ પૂરા સરનામા સાથે ઉપરની વીગતે SMS અચૂક કરવાનો રહેશે.બેંક દ્વારા ૫ હજારથી ઓછી રકમના 'ટ્રાન્જેકશન'ની જાણ થતી ન હોવાથી SMS મળ્યા પછી લવાજમ રીન્યુ કરવામાં આવશે /નવા ગ્રાહકોને SMS કે ટપાલથી નામ –સરનામુ મળ્યા બાદ અંક મોકલવામાં આવશે.

મનીઓર્ડરથી લવાજમ મોકલો તો સેટેલાઈટ–ઈલે. મ.ઓ.માં વિગતમાં ગ્રાહક નંબર લખી શકાય છે તેથી અચૂક લખશો અથવા /તેમજ મ.ઓ. કર્યા બાદ SMS કરી નામ સાથે ગ્રા.નં. જણાવશો. તા. ૨૫ ઓગષ્ટ સુધીમાં લવાજમ મળેલ દરેક ગ્રાહકોને બરછીના ઓગષ્ટના અંકની એડ્રેસ સ્લીપમાં RENEWED UPTO 7- 2015 અને બે વર્ષનું લવાજમ ભરનાર ગ્રાહકોને 2016 પ્રિન્ટ થયેલ આવશે.૧૦ સપ્ટે. બાદ અંક ન મળે તો જાણ કરવા વિ. જેથી બરછીથી વંચીત ન રહો.

barchhi.com સાઈટ ઉપર ઓનલાઈન ઈ–બરછી વાંચવા ઈચ્છુક જ્ઞાતિજન રૂા. ૮૦/–ભરી પોતાનું ઇ–મેઇલ આઇડી લખી મોકલશો / પ્રતિનિધીને લખાવશો, જેના ઉપર પાસવર્ડ આપવામાં આવશે, જે enter કરતાં કકબ ખૂલશે. આ સાઈટ ઉપરથી વધુ માહિતી મળશે. સાઈટ ઉપર જે તે ગામ/શહેરના બરછી પ્રતિનિધિઓના નામની યાદી પણ મુકવામાં આવેલ છે.

વધુ ચોકસાઈ સાથે વિશ્વસનીયતા જાળવવા ગ્રાહકોના મેઈલીંગ માટે ઓનલાઈન પ્રોગ્રામ તૈયાર થઈ જવામાં છે. જે barchhi.com ની સાઈટ ઉપર ઓગષ્ટ માસના અંક બાદથી કાર્યરત થશે. જેથી તેના દ્વારા દરેક ગ્રાહકો પોતાને જે નામ સરનામે બરછી મળતું હોય તે તથા લવાજમની 'અપડેટ' –માહિતી જોઈ શકે. તેમાં ફેરફાર હોય કે વર્ષ દરમ્યાન અંક ન મળવાની ફરીયાદ માટે પ્રતિનિધીને બદલે સીધો કાર્યાલયે ફોન કરશો.

કલમ કડછી બરછી માત્ર લવાજમ ઉપરજ નિર્ભર હોવાથી mail,SMS, fb, whatsApp કે અન્ય આવાં માધ્યમો દ્વારા સગા સ્નેહીઓ,મિત્રોના ગ્રુપમાં બરછી પ્રકાશનનો પ્રચાર–પ્રસાર કરવા માત્ર વર્ષાન્તે જ અપીલ કરીએ છીએ.

૫૦મા વર્ષના અંતે પ્રતિનિધિઓની અવિરત મળતી અનન્ય સેવાઓ બદલ ઋણસ્વીકાર કરીએ છીએ. વિજ્ઞાપન દાતાઓના સહયોગ બદલ અને સમાચારસભર રાખવા બદલ જ્ઞાતિજનોના, ઈતર વાંચનથી બરછીને હર્યુંભર્યું રાખવા બદલ કવિઓ, લેખકો, કલમનવેશોના તથા વર્ષ દરમ્યાન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયભૂત થનાર નામી અનામી સૌના હાર્દિક આભારી છીએ. કોઈ કારણ કે સંજોગવશાત કોઈને પણ મનદુઃખ થયું હોય તો અંતઃકરણપૂર્વક ક્ષમા પ્રાર્થના સહ... –વિરેન શાં. ધોળકિયા–તંત્રી

**If not delivered Pl. return to :**
Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
**મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ ૨૪૫૩૦૬૩**